૨.પા.યા હુ.ક.ગ.ળ
ફાઈલે રાખવી

બિન સરકારી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓને આપવામાં આવતા અનુદાન બાબત.

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક/બમશ-૧૧૯૭-૨૧૭૪-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૧૭-૭-૧૯૯૨.

સંદર્ભ:-

૧: શિક્ષણ વિભાગનો તા.૨૫-૧૦-૮૯નો ઠ.ક.બમશ-૧૧૮૯-મ.૪૭૨/૯૬-ગ
૨: શિક્ષણ વિભાગનો તા.૧૭-૭-૯૦ નો ઠ.ક.બમશ-૧૧૮૭-૨૮૭૯-૫૧-ગ
૩: શિક્ષણ વિભાગનો તા.૨૦-૨-૯૧નો ઠ.ક. બમશ-૧૧૯૧-૨૫૦૭-ગ.

-:: ઠ રા વ ::-

બિન સરકારી માધ્યમિક શાળાઓને ઈતર ખર્ચ અને મકાનભાડા અનુદાન સહાયનું ધોરણ સામુખમાં ઉલ્લેખ કરેલ મુખ્ય ઠરાવોથી નક્કી કરવામાં આવેલ છે. તે પૈકી કેટલીક જોગવાઈઓમાં નીચે મુજબ ફેરફાર કરવાનું આથી ઠરાવવામાં આવે છે.

(ક) ઈતર શૈક્ષણિક ખર્ચની ગ્રાન્ટ:-

પરિશિષ્ટ-ક-

| અનુ.નં. | ખર્ચની વિગત | કોલમ-૨ જણાવેલ ખર્ચ હેઠળ કયા કયા ખર્ચાઓ અનુદાન સહાયને પાત્ર રહેશે તેનું વર્ણન. |
|---|---|---|
| ૬: | તબીબી ખર્ચ | પ્રાથમિક સારવાર માટે જરુરી સાધન-સામગ્રી દા.ત. આયોડીન, બોરીક પાવડર વગેરે વિદ્યાર્થીની તબીબી તપાસનો ખર્ચ રૂ.૨.૦૦ની મર્યાદામાં. |
| ૬: | સહ અધ્યયન પ્રવૃત્તિ | નીચેની બાબતો માટેના વ્યાજબી ખર્ચ (૬) કોઈપણ પ્રસંગે અપાતો અલ્પાહાર વિદ્યાર્થી દીઠ રૂ.૨.૦૦ નો મર્યાદામાં વર્ષમાં એકવાર મળવાપાત્ર રહેશે. |
| ૧૦: | ચિત્ર શિક્ષકોને બોનસ | (૧)જો ચિત્ર શિક્ષક ઈન્ટર મીડીએટ ડ્રોઈંગ ગ્રેડ એકઝામીનેશન માટે વધુમાં વધુ ૪૦ પરંતુ ૧૫ થી ઓછા નહિ તેટલા ઉમેદવારો તૈયાર કર્યા હશે તો રૂ.૧૫૦/-સુધી મળવાપાત્ર રહેશે. પરંતુ ઉમેદવારો ૧૫ કરતાં ઓછા હશે તો બોનસ મળવાપાત્ર રહેશે નહી. |
| ૨૧: | બેન્ડ માસ્તર અને બેન્ડ પ્રવૃતિના પગાર અને વ્યવસ્થાનો ખર્ચ. | દર મહીને રૂ.૫૦/- પરંતુ રૂ.૬૦૦/-ની વાર્ષિક મર્યાદામાં મળવાપાત્ર રહેશે. |

ઉપર્યુક્ત મુદ્દાઓના અન્ય આનુષાંગિક જોગવાઈઓ યથાવત રહેશે.

-// ૨ //

CT
૨૨/૬/૯૨

૫: વાહન ખર્ચ.- (૪)જો શાળાના વડા વાહનભથ્થુ આકારતા ન હોય તો તે સંજોગોમાં જ વહીવટી કર્મચારી પોતાના વાહનનો ઉપયોગ કરે તો તે વાહન આકારી શકશે.પરંતુ શાળાના કામસર મોકલ્યા અંગેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.આ વાહન ભથ્થુ રૂ.૨૪૦૦/- ના ખર્ચની વાર્ષિક મર્યાદામાં રહી આકારવાનું રહેશે.

૮: નોંધણી કરાયેલ હિસાબ આ ખર્ચ નીચેના દરે અનુદાન સહાયપાત્ર રહેશે.

નોંધાયેલદ્વારા કરવામાં આવેલ હિસાબીતપાસ ફીલ ફી.

| માન્ય ખર્ચ. | હિસાબી ફી તપાસ દર |
| --- | --- |
| રૂ.૫૦,૦૦૦ | રૂ. ૪૫૦ |
| રૂ. ૧,૦૦,૦૦૦ | રૂ. ૫૦૦ |
| રૂ. ૨,૦૦,૦૦૦ | રૂ. ૬૦૦ |
| રૂ. ૪,૦૦,૦૦૦ | રૂ. ૭૦૦ |
| રૂ. ૫,૦૦,૦૦૦ | રૂ. ૭૫૦ |

અને તે ઉપરાંત (ખરેખર ચુકવાયેલ ઓડીટ ફીની મર્યાદામાં)

ઉપર્યુક્ત મુદ્દાઓની અન્ય આનુષાંગિક જોગવાઈઓ યથાવત રહેશે.

(અ) મકાન ભાડા અનુદાન સહાય

(અ) ભાડાના મકાનમાં બેસતી શાળાઓ.

શાળાએ ખરેખર ચુકવેલ ભાડુ (શાળા ભોગવતી હોય તેવા કરવેરા સહિત) કાર્યપાલક ઈજનેર પાસેથી મેળવેલ પ્રમાણપત્રમાં દર્શાવેલ ભાડુ અને પગાર બીલના (પગાર વત્તા મોંઘવારી ભથ્થા) ના ૧૦ (દસ) ટકા એ બે પૈકી જે ઓછું હોય તે રકમ અનુદાનને પાત્ર રહેશે.

તા.૧૭-૭-૯૦ ના ઠ.ક્ર. બમશ-૧૧૮૭-૨૮૭૯-૫૧-ગ ના પરિશિષ્ટ-'ખ' ના અંતે નીચે પ્રમાણેની નોંધ ઉમેરવામાં આવે છે.

નોંધ:- શાળાએ તમામ પ્રકારની ખરીદી સરકાર માન્ય સંસ્થાઓ જેવી કે ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ હેન્ડલુમ હાઉસ, લઘુ ઉદ્યોગો અથવા તો આ માટે સરકારે વખતોવખત માન્ય કરેલ સંસ્થાઓ વગેરે પાસેથી કરવાની રહેશે. જ્યારે ખરીદી રૂ. ૧૦૦૦/-થી વધતી હોય ત્યારે ઓછામાં ઓછા ત્રણ ભાવપત્રકો મંગાવીને ખરીદી કરી શકાશે.

આ ઠરાવનો અમલ ૯૨-૯૩ ના શૈક્ષણિક વર્ષથી કરવાનો રહેશે. આ વિભાગના સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગના તા.૮-૬-૯૨ના મંજુરી અન્વયે હુકમ બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી.
(જે.આર.સોની)
સેકશન અધિકારી,
શિક્ષણ વિભાગ.

પ્રતિ,
આચાર્યશ્રી,
તમામ બિન સરકારી મા.શાળાઓ
ઉપરોક્ત બાબતે જાણ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.

નં.માધ્ય.ખ-૩/પરીપત્ર/૩૪૮૪૩-૩૫૧૭૩
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
રાજકોટ, તા. ૨૮/૮/૯૨.

જિલ્લા શિક્ષણાધિકારી,
રાજકોટ

નકલ તમામ શિક્ષણ નિરીક્ષકશ્રી તથા
મ.શિ.નિ.શ્રીની કચેરી,
તમામ કર્મચારી વર્ગ-૩ ની કચેરી,
'દવે'૨૮૮૯૨' "R.N."
૭૦૦/૭૩૯